For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ટ્રેન ભરીને આવેલા લોકોને ગાડીઓમાં બેસાડી લઈ જવાતા હોવાની શંકા, ૩-૪ ગાડી રોકાતા લોકટોળા ઉમટ્યા

# તરસાલીમાં રહસ્યમય ગાડીઓનો ખેલ, ધર્મ બદલવા લોકોને લઈ જવાતા હોવાનો આક્ષેપ!

**હિન્દૂ** સંગઠને વોચ ગોઠવી, ગાડીઓ ઝડપી, લોકોના ટોળે ટોળા ઉમટ્યા,પોલીસ તપાસ શરૂ

**ધર્મ પરિવર્તન કરાવતાની વાત ખોટી**

ડીસીપી ઝોન 4 અભિષેક ગુપ્તા એ જણાવ્યું હતું કે ધર્મ પરિવર્તનની વાત ખોટી છે. આ ખ્રિશ્ચન ધર્મના પારિવારિક કાર્યક્રમ વિશેની ચર્ચા છે, પરંતુ બાળકો કે કોઈને ધર્મ બદલવા માટે લઈ જવાતા નથી.

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

વડોદરા શહેરના તરસાલી વિસ્તારમાં એક રહસ્યમય બનાવે ભારે ચકચાર મચાવી છે. મોટી સંખ્યામાં લોકોને અજાણ રાખીને ગાડીઓમાં ક્યાંક લઈ જવામાં આવી રહ્યા હોવાની માહિતી મળતા જ સ્થાનિકોમાં રોષ ફેલાઈ ગયો હતો.

બજરંગ દળના આગેવાન ક્રિષ્નાભાઈના જણાવ્યા મુજબ, ધનિયાવી પાસે આવેલા ચિખોદરા વિસ્તારમાં એક મિશનરી ચર્ચમાં ધર્મ પરિવર્તનને લગતી ગતિવિધિઓ ચાલતી હોવાની બાતમી મળી હતી. તેમના જણાવ્યા મુજબ, આખી ટ્રેન ભરીને કેટલાક લોકો પ્રતાપનગર રેલવે સ્ટેશન પર આવ્યા હતા. જેમાં નાના બાળકો, મહિલાઓ અને પુરુષો સહિત મજૂર વર્ગના અસંખ્ય લોકો સામેલ હતા. આક્ષેપ મુજબ, આ લોકો ક્યાંથી આવ્યા છે કે ક્યાં જાય છે તે અંગે કંઈ જણાવતા નહોતા. તેમને ગાડીઓમાં ભરીને લઈ જવામાં આવી રહ્યા હતા. આ દરમિયાન બજરંગ દળના આગેવાનો અને સ્થાનિકોએ ગાડીઓનો પીછો કરી તરસાલી વિસ્તારમાં ગાડીઓ રોકી હતી. ગાડીમાં બેઠેલા લોકોને પૂછપરછ કરતા તેઓ માત્ર એટલું જ કહેતા હતા કે, પ્રાર્થનામાં જઈએ છીએ. જોકે, કઈ પ્રાર્થનામાં જાય છે તેની સ્પષ્ટ માહિતી તેઓ આપી શક્યા નહોતા. સતત પૂછપરછમાં તેમાંથી એક વ્યક્તિએ ધર્મ બદલવા જઈએ છીએ તેમ કહ્યું હોવાનો દાવો આગેવાનોએ કર્યો છે. આ ખુલાસા બાદ મામલો વધુ ગંભીર બન્યો હતો. ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકોના ટોળા ઉમટ્યા હતા. 3 થી 4 જેટલી ગાડીઓની આસપાસ લોકો એકઠા થઈ ગયા હતા. બનાવની ગંભીરતા જોતા પોલીસને બોલાવવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તમામ ગાડીઓ અને તેમાં સવાર લોકોની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. આ સમગ્ર મામલા પાછળ કોનો હાથ છે અને આ લોકોને ખરેખર કયા હેતુસર લઈ જવામાં આવી રહ્યા હતા, તે પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.




### ૨૨ કેરેટના સોનાના દાગીના હોવાનું જણાવી વેચાણ કરી નાખ્યા

# મુથૂટ ફિનકોર્પમાં ગીરવે મૂકેલા ૩૨૧ ગ્રામ સોનામાંથી માત્ર ૯૯ ગ્રામ શુદ્ધ સોનું નીકળ્યું

**વેપારી** સાથે રૂ.31 લાખની છેતરપિંડીની મેનેજર સહિત 3 સામે ફરિયાદ

**મેલ્ટિંગ** કરાવતા બંગડીઓમાંથી 10.07 અને હાર-બુટ્ટીમાંથી 15.11 કેરેટ સોનું નીકળ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

બેંકમાં ગીરવે મૂકેલા સોનાના દાગીનાની ખરીદીના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીને 22 કેરેટનું 321 ગ્રામ સોનું હોવાનું જણાવી રૂ.31 લાખમાં દાગીના વેચવામાં આવ્યા હતા. જોકે, અલકાપુરી ખાતે દાગીનાનું મેલ્ટિંગ કરાવતા તેમાંથી માત્ર 99.52 ગ્રામ જેટલું 22 કેરેટનું સોનું નીકળતાં વેપારીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ મામલે મુથૂટ ફિનકોર્પની વારસિયા બ્રાંચના મેનેજર સહિત ત્રણ શખ્સો સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

દિવાળીપુરા વિસ્તારમાં રહેતા 37 વર્ષીય ઉમંગભાઈ બીપીનભાઈ શાહ સ્વયં કેપિટલ નામની કંપની ચલાવે છે. તેમની કંપની બેંકોમાં ગીરવે મૂકેલા સોનાના દાગીનાની ખરીદીનો વ્યવસાય કરે છે. દરમિયાન તપન નવીનચંદ્ર શાહે મુથૂટ ફિનકોર્પની વારસિયા સ્થિત બીલીપત્ર કોમ્પ્લેક્સ બ્રાંચમાં સોનાની બંગડીઓ, હાર અને બુટ્ટી ગીરવે મૂકીને અલગ અલગ તારીખે રૂ.33.52 લાખની ગોલ્ડ લોન લીધી હતી. આ દાગીનાનું નેટ વજન 321.19 ગ્રામ દર્શાવવામાં આવ્યું હતું. લોનના હપ્તા ભરવામાં તપન નિષ્ફળ જતાં મુથૂટ ગોલ્ડ પોઈન્ટ અલકાપુરી ખાતે મેનેજર તરીકે નોકરી કરતા તનુજ રાવજીભાઈ પરમારે ઉમંગભાઈનો સંપર્ક કર્યો હતો. તેમણે તપનના ગીરવે પડેલા સોનાના દાગીના ખરીદવાની ઓફર કરી હતી. ત્યારબાદ ઉમંગભાઈ અને તનુજ પરમાર વારસિયા બ્રાંચમાં ગયા હતા, જ્યાં બ્રાંચ મેનેજર ચેતન હરીશભાઈ રાવલે ગોલ્ડ લોનની રસીદ બતાવી દાગીના 22 કેરેટના હોવાનું જણાવ્યું હતું. લોનની રકમ અને વ્યાજ સહિતની ગણતરી કરીને દાગીનાની કિંમત રૂ.36 લાખ જણાવવામાં આવી હતી. જોકે, ઉમંગભાઈએ રૂ.36 લાખ તપનના એસબીઆઈ બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હોવાનું જણાવ્યું છે. આમ, 321.19 ગ્રામ 22 કેરેટ સોનું હોવાનું જણાવી રૂ.36 લાખ પડાવવામાં આવ્યા હોવા છતાં મેલ્ટિંગમાં વાસ્તવિક સોનાની માત્રા અત્યંત ઓછી નીકળતાં ઉમંગભાઈએ તનુજ પરમારને આ અંગે પૂછપરછ કરી હતી. તેમણે તપન પાસેથી દાગીનાનાં બિલ અપાવવાની વાત કરી હતી, પરંતુ લાંબો સમય વીતવા છતાં બિલ આપ્યો નહોતાં. આથી ઉમંગભાઈએ અરજી આપી હતી. અરજીની તપાસ પૂર્ણ થયા બાદ તેમણે તપન નવીનચંદ્ર શાહ, ચેતન હરીશભાઈ રાવલ અને તનુજ રાવજીભાઈ પરમાર સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

# બે પુત્રો સાથે માતાના આપઘાત કેસમાં પતિને ૧૦ વર્ષની સખત કેદ

**સાસુ-સસરા** સહિત પાંચ આરોપી નિર્દોષ છૂટી ગયા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

પાદરાના ફુલબાગ નાકા પાસે આવેલા અંબાજી તળાવમાં બે પુત્રો સાથે ઝંપલાવી માતાએ આપઘાત કર્યાના ચકચારી કેસમાં વડોદરાની 14મી એડિશનલ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. પત્નીને અવારનવાર માનસિક અને શારીરિક ત્રાસ આપી આપઘાત માટે દુષ્પ્રેરિત કરવાના ગુનામાં પતિને દોષિત ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. જ્યારે સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને નણંદ સહિતના પાંચ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

પાદરાના ફુલબાગ નાકા પાસે આવેલા અંબાજી તળાવમાં બે પુત્રો સાથે ઝંપલાવી માતાએ આપઘાત કર્યાના ચકચારી કેસમાં વડોદરાની 14મી એડિશનલ સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. પત્નીને અવારનવાર માનસિક અને શારીરિક ત્રાસ આપી આપઘાત માટે દુષ્પ્રેરિત કરવાના ગુનામાં પતિને દોષિત ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી છે. જ્યારે સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને નણંદ સહિતના પાંચ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

આ ત્રાસથી કંટાળીને તા.15 સપ્ટેમ્બર, 2023ના રોજ બપોરે 3થી 3.45 દરમિયાન રશ્મિકાબેને પાદરાના ફુલબાગ નાકા પાસે આવેલા અંબાજી તળાવમાં પોતાના બંને પુત્રો રુદ્ર અને દક્ષ સાથે ઝંપલાવી આપઘાત કર્યો હતો.

આ કેસમાં 14મા એડિશનલ સેશન્સ જજ દર્શકકુમાર દિનેશચંદ્ર શાહે ચુકાદો આપતાં પતિ રતિલાલને IPC કલમ 498(ક) હેઠળ ત્રણ વર્ષની સખત કેદ અને રૂ.5 હજાર દંડ તથા કલમ 306 હેઠળ 10 વર્ષની સખત કેદ અને રૂ.10 હજાર દંડની સજા ફટકારી હતી. બંને સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કર્યો હતો. જોકે, કલમ 323 અને 294(ખ) હેઠળના આરોપમાંથી પાંચ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

# ઉત્રાણ-ખાતીપુરા વચ્ચે ચાર સ્પેશિયલ ટ્રેન દોડશે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

દિવાળી અને છઠ પૂજાના તહેવારોમાં મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા ઉત્રાણ-ખાતીપુરા (જયપુર) વચ્ચે વિશેષ ભાડા પર ચાર સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

જનસંપર્ક અધિકારી ખેમરાજ મીનાના જણાવ્યા મુજબ, ટ્રેન નં. 09131 ઉત્રાણ-ખાતીપુરા સ્પેશિયલ 9 અને 16 નવેમ્બરે સોમવારે બપોરે 2:15 વાગ્યે ઉપડી બીજા દિવસે સવારે 10 વાગ્યે પહોંચશે. જ્યારે ટ્રેન નં. 09132 ખાતીપુરા-ઉત્રાણ સ્પેશિયલ 10 અને 17 નવેમ્બરે બપોરે 12:40 વાગ્યે ઉપડી બીજા દિવસે સવારે 6:40 વાગ્યે ઉત્રાણ પહોંચશે.

બંને દિશાની ટ્રેનો વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, ગોધરા, દાહોદ, રતલામ, મંદસૌર, નીમચ, ચિત્તોડગઢ, ભીલવાડા, અજમેર સહિતના સ્ટેશનો પર રોકાશે. ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર અને જનરલ કોચની સુવિધા રહેશે.

### ત્રિપુટીએ બે બહેનોને રૂ.૨૮.૫૫ લાખનો ચૂનો લગાવ્યો

# ભાજપ નેતાના પુત્ર સહિતના ૩ આરોપી સામે છેતરપિંડીની વધુ એક ફરિયાદ

**બાનાખત** કરાવ્યું પણ દસ્તાવેજ કે કબજો ન આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે સસ્તા ભાવે મિલકત અપાવવાની લાલચ આપીને લોકો પાસેથી લાખો રૂપિયા પડાવવાના કથિત કૌભાંડમાં વધુ એક ફરિયાદ નોંધાતાં ચકચાર મચી છે. ભાયલી ખાતે બે દુકાન અને એક ફ્લેટ અપાવવાની ખાતરી આપી નિવૃત્ત વૃદ્ધ મહિલા અને તેમની બહેન પાસેથી કુલ રૂ.28.55 લાખ વસૂલ્યા બાદ મિલકતનો દસ્તાવેજ કે કબજો નહીં સોંપી છેતરપિંડી આચરી છે. આ મામલે ભાજપના નેતાના પુત્ર કશ્યપ જોષી સહિત ત્રણ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાતાં મિલકતના નામે નાણાં ઉઘરાવવાના વ્યવહારો ચર્ચામાં આવ્યા છે.

લક્ષ્મીપુરાની શિવાલય રેસિડેન્સીમાં રહેતાં 64 વર્ષીય નિવૃત્ત મહિલા શાલીની ગણપતિ ભાનુએ નોંધાવેલી ફરિયાદ મુજબ જૂન-2024માં તેઓ પોતાની બહેન સવિતાબેન માટે મકાનની શોધમાં હતાં. તે દરમિયાન સુભાનપુરા સ્થિત સંદીપ એસ્ટેટની ઓફિસમાં રોહન સોલંકીનો સંપર્ક થયો હતો. રોહને પોતાના મિત્ર જીલ બારોટ મારફતે ભાયલીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ફ્લેટ અપાવવાની વાત કરી હતી. ત્યારબાદ ગ્રાઉન્ડ ફ્લોરની બે દુકાન પણ રૂ.15 લાખમાં અપાવવાની લાલચ આપવામાં આવી હતી.

દુકાનો ખરીદવા માટે શાલીનીબેને શરૂઆતમાં રૂ.8 લાખ ચેકથી ચૂકવ્યા હતા. ત્યારબાદ અલગ-અલગ સમયે ઓનલાઈન અને સ્કેનર મારફતે નાણાં ચૂકવતાં દુકાનોના વ્યવહારમાં રૂ.20.55 લાખ આપ્યા હોવાનો આક્ષેપ છે. બીજી તરફ તેમની બહેન સવિતાબેને સી-404 નંબરનો ફ્લેટ ખરીદવા રૂ.8 લાખ ચૂકવ્યા હતા. આમ, બંને બહેનોએ મળીને રૂ.28.55 લાખ ચૂકવ્યા હતા. જીલ બારોટના કહેવાથી કશ્યપ રાકેશકુમાર જોષીએ દુકાનો અને ફ્લેટના બાનાખત કરાવી આપ્યા હતા. જોકે, નાણાં ચૂકવ્યા બાદ વારંવાર વેચાણ દસ્તાવેજ કરી આપવા અને મિલકતનો કબજો સોંપવાની માંગણી કરવા છતાં આરોપીઓએ કોઈ કાર્યવાહી કરી નહોતી. નાણાં પરત માગતાં પણ રકમ પરત નહીં આપી અંગત ઉપયોગમાં લઈ લીધી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. શાલીનીબેનની ફરિયાદના આધારે પોલીસે જીલ અશોક બારોટ, રોહન લક્ષ્મણસિંહ સોલંકી અને કશ્યપ રાકેશકુમાર જોષી સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાડી પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં જ કિન્નર પર સાત કિન્નરોનો હુમલો

**જૂની અદાવત** અને સોશિયલ મીડિયામાં વીડિયો મૂકવાની તકરારમાં વાળ ખેંચી લાકડી-દંડાથી માર માર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા શહેરમાં કિન્નર જૂથો વચ્ચેની વર્ચસ્વની લડાઈ હવે પોલીસ સ્ટેશન સુધી પહોંચી છે. વાડી પોલીસ સ્ટેશનમાં નોટિસના જવાબમાં પહોંચેલી ઝોયાખાન પઠાણ પર જૂની અદાવત રાખીને સાત કિન્નરોએ હુમલો કર્યો હતો. પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં જ વાળ ખેંચી, ગડદાપાટુ અને લાકડીથી માર મારતાં ચકચાર મચી છે. આ મામલે સાત કિન્નરો સામે ફરિયાદ નોંધાઈ છે.

નવાપુરા સ્લમ ક્વાર્ટર્સમાં રહેતી 35 વર્ષીય ઝોયાખાન પઠાણ ઉર્ફે ઝોયાકુંવર યજમાનવૃત્તિ કરીને ગુજરાન ચલાવે છે. વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના અનુસંધાને નોટિસ મળતાં તેઓ 5 નવેમ્બરે સવારે પોલીસ સ્ટેશન પહોંચ્યાં હતાં. તે દરમિયાન બરાનપુરા વિસ્તારમાં રહેતી સિમરનકુંવર, માયાકુંવર, સુષ્ટીકુંવર અને શિવાનીકુંવરે ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. ઝોયા બચવા પાર્કિંગમાં જતાં તેમનો પીછો કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ અમીષાકુંવર, તનુકુંવર અને નંદનીકુંવર પણ હુમલામાં જોડાઈ હતી. સાતેય જણાએ ભેગા મળી ઝોયાના વાળ ખેંચી ગડદાપાટુનો માર માર્યો હતો અને લાકડીના ચારથી પાંચ ફટકા ઝીંકી મોઢા, ગરદન તથા પીઠના ભાગે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ કર્મચારીઓ દોડી આવી તેમને બચાવ્યાં હતાં. ફરિયાદમાં કાનની સોનાની શેર અને ગળાની ચેઈન ગુમ થયાનું પણ જણાવાયું છે, જેની કિંમત રૂ.1.35 લાખ છે. અગાઉના મારામારીના કેસમાં સમાધાન અને સોશિયલ મીડિયામાં વીડિયો મૂકવાની અદાવતને હુમલાનું કારણ ગણાવી ઝોયાએ સાત કિન્નરો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે તપાસ હાથ ધરી છે.

### વડોદરા RTOમાં AI ટેસ્ટ બન્યો આકરો, વાહનચાલકો પરેશાન

# કાર-રિક્ષામાં માત્ર ૨૫% જ પાસ, ટુ-વ્હીલરમાં ૭૦% સફળતા, વારંવાર ફી ભરવાની નોબત

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

ટેકનોલોજીના વધતા ઉપયોગ વચ્ચે વડોદરા આરટીઓ ખાતે ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવાની પ્રક્રિયા વાહનચાલકો માટે વધુ કઠીન અને આકરી બની રહી છે. એઆઈ સિસ્ટમના આગમનથી ડ્રાઈવિંગ ટેસ્ટમાં પારદર્શિતા તો આવી છે, પરંતુ તેની સાથે જ વાહનચાલકોની મુશ્કેલીઓ વધી છે.



મળતી વિગતો મુજબ, અગાઉ જ્યારે ફિઝિકલ ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાતી હતી ત્યારે પાસ થનારા અરજદારોની સંખ્યા હાલની સરખામણીએ લગભગ ત્રણ ગણી હતી. પરંતુ જ્યારથી એઆઈ આધારિત ઓટોમેટિક ડ્રાઈવિંગ ટેસ્ટિંગ સિસ્ટમ અમલી બની છે, ત્યારથી વાહનની નાની-નાની ભૂલો પણ નિષ્ફળતાનું કારણ બની રહી છે. વાહન મુજબ પાસ થવાની ટકાવારી જોઈએ તો કાર અને રિક્ષા કેટેગરીમાં પાસ થવાનો દર માત્ર 25% આસપાસ જ છે. જ્યારે દ્વિચક્રી વાહનોમાં 70% અરજદારો સફળ થાય છે. કાર-રિક્ષાના ટેસ્ટમાં નાની ભૂલ પણ અરજદારને નાપાસ કરી દે છે. વાહનના પ્રકાર પ્રમાણે અંદાજે રૂ.300 જેટલી ટેસ્ટ ફી વસૂલવામાં આવે છે. ટેસ્ટમાં નાપાસ થનાર અરજદારે 8 દિવસ બાદ નવી ફી ભરીને ફરીથી આખી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. અનેક નાગરિકો ત્રણથી વધુ વખત ટેસ્ટ આપ્યા બાદ સફળ થતા હોવાથી તેમના સમય અને નાણાં બંનેનું નુકસાન થઈ રહ્યું છે. આ સમગ્ર પરિસ્થિતિને લઈને લોકમુખે સવાલો ઉઠી રહ્યા છે કે શું એઆઈ સિસ્ટમના અમલ બાદ આરટીઓની આવકમાં વધારો થયો છે? ટેકનોલોજીનો મુખ્ય હેતુ વાહનચાલકોને સક્ષમ અને સુરક્ષિત બનાવવાનો હોવો જોઈએ, કે પછી માત્ર વારંવાર ટેસ્ટ આપવાની પ્રક્રિયામાં અટવાઈને ફી ભરવાનો?

# સયાજીબાગ પાસે લાઈન ફાટતા માર્ગો પર પાણી ફરી વળ્યા

**પાણીનો** ઊંચો ફુવારો ઉડાતાં રસ્તા જળબંબાકાર, ઘટના બાદ પાલિકા તંત્ર દ્વારા સમારકામ શરૂ કરાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.6

શહેરમાં એક તરફ દિવાળીના તહેવારોની મોસમ વચ્ચે અનેક વિસ્તારોમાં પીવાના પાણીની અનિયમિતતા અને અછતને લઈને નાગરિકોમાં રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે બીજી તરફ વડોદરાના જાણીતા કાળાઘોડા સર્કલ પાસે પાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. સયાજીબાગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ અચાનક પાણીની મુખ્ય લાઈનમાં મોટું ભંગાણ સર્જાતા હજારો લીટર શુદ્ધ પાણી રસ્તા પર વહી ગયું હતું અને પાણીનો ઊંચો ફુવારો ઉડ્યો હતો.

મળતી માહિતી મુજબ, લાઈન તૂટવાની આ ઘટનાને કારણે કાળાઘોડા સર્કલ નજીક મુખ્ય માર્ગ પર પાણીનો મોટો પ્રવાહ ફરી વળ્યો હતો. રસ્તા પર પાણી ભરાઈ જવાના કારણે ત્યાંથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તહેવારોના દિવસોમાં જ્યારે નાગરિકો પાણીની સમસ્યાથી પરેશાન થઈ રહ્યા છે, ત્યારે આ પ્રકારે લાખો લીટર પાણી બરબાદ થવાથી સ્થાનિક રહીશોમાં નગરપાલિકા અને તંત્ર સામે રોષ જોવા મળ્યો છે.

ઘટનાની જાણ થતાં જ વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક અસરથી સંબંધિત લાઈનનો પ્રવાહ બંધ કરી ભંગાણ સુધારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### કુલ ૨૨ કામોમાંથી વિવાદાસ્પદ દરખાસ્તો પર ગરમાગરમી

# ઈજારાદારો પર મહેરબાની સામે વિરોધ વિવાદાસ્પદ દરખાસ્તો વચ્ચે ૩ મહત્વના કામો મુલતવી

વિપક્ષે મુખ્યમંત્રીને રજૂઆત કરવા અને અદાલતના દ્વાર ખટખટાવવાની આપી ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં કોન્ટ્રાક્ટરોને વારંવાર નાણાકીય મર્યાદા અને સમયમર્યાદા વધારી આપવાની દરખાસ્તોને લઈને ભારે વિવાદ સર્જાયો છે. મળતી માહિતી અનુસાર, પાલિકા સમક્ષ રજૂ કરાયેલા કુલ 22 કામોમાંથી વરસાદી ગટર, પાણી અને ગટરલાઈનના કામો સાથે સંકળાયેલા વિવાદાસ્પદ મુદ્દાઓ પર ગરમાગરમી જોવા મળી હતી, જેના પગલે આ બેઠકમાં ખુશી એન્ટરપ્રાઈઝના ત્રણ મહત્વના કામો હાલ પૂરતા મુલતવી



રાખવામાં આવ્યા છે.

પાલિકાના વિવિધ ઝોન અંતર્ગત ચાલતા વિકાસ તથા સફાઈના કાર્યોમાં કોન્ટ્રાક્ટરો દ્વારા વારંવાર કામ પૂર્ણ કરવાની મુદત લંબાવવા સાથે નાણાકીય મર્યાદામાં પણ મોટો વધારો માગવામાં આવતો હોય છે. ખાસ કરીને એક જ કોન્ટ્રાક્ટરને અલગ-અલગ ઈજારાઓમાં અગાઉ નાણાકીય વધારો આપ્યા બાદ ફરીથી વારંવાર રકમ વધારી આપવાની દરખાસ્તો મંજૂર કરવા સામે વિરોધ પક્ષે તીવ્ર રોષ વ્યક્ત કર્યો હતો. વિપક્ષ દ્વારા આ પ્રકારની દરખાસ્તોની પારદર્શિતા સામે સવાલો ઉઠાવીને પાલિકા તંત્ર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

આ વિવાદ વધુ ઉગ્ર બનતા વિપક્ષી નેતાઓ દ્વારા ચીમકી આપવામાં આવી છે કે જો પાલિકા તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય અને પારદર્શક પગલાં નહીં ભરાય, તો આ મામલે રાજ્યના મુખ્યમંત્રી સુધી સત્તાવાર રજૂઆત કરવામાં આવશે અને જરૂર પડ્યે અદાલતના દ્વાર પણ ખટખટાવવામાં આવશે. વિરોધ અને વિવાદના આ વાતાવરણને ધ્યાનમાં રાખીને સ્થાયી સમિતિએ તકેદારીના ભાગરૂપે હાલ પૂરતા 'ખુશી એન્ટરપ્રાઈઝ'ના નામના ત્રણ વિવાદાસ્પદ કામોને મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે, જેને લઈને વડોદરાના રાજકારણમાં અને પાલિકાના વર્તુળોમાં ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે.

# નંદેસરીની સ્ટીમ હાઉસ કંપનીમાં શ્રમિકોના પગારની કાપણીથી હોબાળો

**પૂરો પગાર** માંગવા ગયેલા ૩૦થી વધુ કામદારોને ૧-૨ હજાર રૂપિયા એડવાન્સ લઈને ચલાવી લેવા તાકીદ કરાઈ હોવાનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા નજીક નંદેસરી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી સ્ટીમ હાઉસ કંપની સાથે સંકળાયેલા શ્રમિકો માટે દિવાળીનો તહેવાર મુશ્કેલીઓ લઈને આવ્યો છે. કંપનીના કોન્ટ્રાક્ટર દ્વારા સમયસર પગાર ચૂકવવામાં નહીં આવતો હોવાના આક્ષેપ સાથે શ્રમિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. દિવાળી અને છઠ પૂજા જેવા તહેવારો નજીક હોવા છતાં પોતાના હકનું વેતન નહીં મળતાં કામદારોની આર્થિક મુશ્કેલી વધી છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, જીટીપીપીએલ એજન્સી અથવા કોન્ટ્રાક્ટર હેઠળ સ્ટીમ હાઉસ કંપનીમાં અંદાજે 30થી 40 શ્રમિકો કામ કરે છે. શ્રમિકોના જણાવ્યા મુજબ કંપનીના નિયમ પ્રમાણે દર મહિનાની 7 તારીખે પગાર ચૂકવવાનો હોય છે, પરંતુ નિયમિત રીતે 20થી 25 તારીખ સુધી પગાર આપવામાં આવતો નથી. હાલ તહેવારોને ધ્યાનમાં રાખીને શ્રમિકોએ સમયસર પગારની માગ કરી હતી, પરંતુ પૂરો પગાર આપવાનો ઈનકાર કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.

શ્રમિકોના જણાવ્યા પ્રમાણે, પગારની માગણી કરતાં કોન્ટ્રાક્ટર અને સુપરવાઈઝર દ્વારા માત્ર રૂ.1,000થી રૂ.3,000 સુધીની રકમ એડવાન્સ તરીકે લઈને કામ ચલાવી લેવાનું જણાવાયું હતું. એટલું જ નહીં, એડવાન્સ નહીં લો તો કામ પર નહીં આવવાની કથિત ધમકી વોટ્સએપ મેસેજથી આપવામાં આવી હોવાનો પણ દાવો કરાયો છે.

વર્ષભર મહેનત કરતા શ્રમિકો પોતાના જ હકના નાણાં માટે મુશ્કેલીમાં મુકાયા છે. શ્રમિકોએ રોકાયેલો પગાર તાત્કાલિક ચૂકવવા અને શ્રમ વિભાગ દ્વારા તપાસ કરી ન્યાય અપાવવાની માગ કરી છે.

# CA ફાઉન્ડેશનમાં વડોદરાનો દબદબો ૯૯૫માંથી ૨૩૨ વિદ્યાર્થીઓ પાસ

**વિર શાહ** સિટી ટોપર, શંભવી બીજા અને સાનવી ત્રીજા ક્રમે ,વડોદરાનું પરિણામ ઓલ ઇન્ડિયા કરતા ઊંચું

(પ્રતિનિધિ) વડોદરા, તા.6

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા, વડોદરા બ્રાન્ચ દ્વારા સીએ ફાઉન્ડેશન પરીક્ષા સપ્ટેમ્બર 2026ના પરિણામનું વિશ્લેષણ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં વડોદરા બ્રાન્ચના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શહેરનું ગૌરવ વધાર્યું છે. ખાસ કરીને ઓલ ઈન્ડિયાના પરિણામની સરખામણીએ વડોદરા બ્રાન્ચનું પરિણામ વધુ ઊંચું રહેતાં શૈક્ષણિક વર્તુળોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

વડોદરા બ્રાન્ચમાંથી કુલ 995 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 232 વિદ્યાર્થીઓ સફળ થયા છે. વડોદરા બ્રાન્ચનું પાસ થવાની ટકાવારી 23.32% રહી છે, જે ઓલ ઈન્ડિયાના કુલ 18.93% પરિણામ કરતાં ઘણી ઊંચી છે. ઓલ ઈન્ડિયા પરિણામની વાત કરીએ તો પુરુષ ઉમેદવારોમાં 20.47% અને મહિલા ઉમેદવારોમાં 17.32% પરિણામ રહ્યું છે.

વડોદરા બ્રાન્ચમાં સિટી ટોપર તરીકે વીર શાહે 336 ગુણ મેળવી પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. જ્યારે શંભવીએ 322 ગુણ સાથે બીજો ક્રમ અને સાનવી વિશાલ જૈને 315 ગુણ સાથે ત્રીજો ક્રમ મેળવ્યો છે. ટોપર્સે નિયમિત અભ્યાસ, મહેનત અને યોગ્ય માર્ગદર્શનના આધારે આ સફળતા મેળવી છે. તેમના પરિણામથી અન્ય વિદ્યાર્થીઓને પણ સીએની પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કરવાની પ્રેરણા મળશે.

વડોદરા બ્રાન્ચના હોદ્દેદારોએ સફળ થયેલા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ટોપર્સની મહેનતને બિરદાવી હતી. આગામી ઈન્ટરમીડિયેટ પરીક્ષા માટે પણ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

### ઓફિસ પાસે વેપારીને ગડદાપાટુનો માર મારી વડોદરા છોડી દેવા ધમકાવ્યા

# વોટ્સએપ ગ્રુપમાં ઓડિયો મૂકતા ટ્રાન્સપોર્ટના વેપારીને ગોળી મારી દેવાની ધમકી

**મિત્રના** મકાનમાલિક સાથેના વિવાદનું રેકોર્ડિંગ ગ્રુપમાં મૂકતાં ચાર શખ્સોનો પિત્તો ગયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વોટ્સએપ ગ્રુપમાં ઓડિયો રેકોર્ડિંગ મૂકવું ટ્રાન્સપોર્ટના વેપારીને ભારે પડ્યું હતું. મિત્રના મકાનમાલિક સાથેના વિવાદનું ઓડિયો રેકોર્ડિંગ ગ્રુપમાં મૂકતાં ચાર શખ્સો ઉશ્કેરાયા હતા. વેપારીને ગાળો ભાંડી ગડદાપાટુનો માર મારી બંદૂકની ગોળીથી હત્યા કરવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, વડોદરા છોડી દેવા દબાણ કર્યું હતું. આ બનાવ અંગે બાપોદ પોલીસે ચાર શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મૂળ હરિયાણાના ભિવાની જિલ્લાના દેવસર ગામનો અને હાલ આજવા રોડ પર સિદ્ધેશ્વર હિલ સ્ક્વેરમાં રહેતો 23 વર્ષીય અભિષેક ધર્મેન્દ્રસિંગ તનવર પેકર્સ એન્ડ મુવ નામે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરે છે. તેના મિત્ર હિમાંશુ મુનેશ શર્માને મકાનમાલિક રાકેશ દ્વારા મકાન ખાલી કરાવવા હેરાન કરવામાં આવતો હોવાનો આક્ષેપ હતો. આ વિવાદનું ઓડિયો રેકોર્ડિંગ હિમાંશુએ 29 ઓક્ટોબરે અભિષેકને મોકલ્યું હતું. અભિષેકે રાત્રે આશરે 11 વાગ્યે આ રેકોર્ડિંગ 'વડોદરા ટ્રાન્સપોર્ટ સોલ્યુશન' નામના વોટ્સએપ ગ્રુપમાં મૂક્યું હતું.

બીજા દિવસે સવારે મહેન્દ્ર શર્માએ અભિષેકને ફોન કરી ઓડિયો મૂકવાનું કારણ પૂછ્યું હતું. ત્યારબાદ બપોરે સોનુ ગજરાજે તેને ઓફિસની બાજુમાં બોલાવ્યો હતો. ત્યાં રાકેશનો ઓડિયો વાયરલ કેમ કર્યો તેમ કહી ગાળો ભાંડી માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ દરમિયાન મહેન્દ્ર શર્મા, રાજેશ કૌશિક અને મહેન્દ્ર ઝાંઝરિયા પણ ત્યાં આવી પહોંચ્યા હતા. જોકે, સંદીપસિંગ રાઠોડ, પ્રદીપ પુનિયા, સુમિત ઝાંગડા અને હિતેષ શ્યોરા વચ્ચે પડતાં અભિષેક વધુ મારમાંથી બચ્યો હતો. મહેન્દ્ર શર્માએ વડોદરા છોડી દેવા અથવા મર્ડર કરાવી નાખવાની ધમકી આપી હતી. 1 નવેમ્બરે સાંજે ચાર વાગ્યે મહેન્દ્ર શર્મા અને સોનુ ગજરાજ ફરી અભિષેકની ઓફિસે પહોંચ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે અભિષેકે સોનુ ગજરાજ, મહેન્દ્ર શર્મા, રાજેશ કૌશિક અને મહેન્દ્ર ઝાંઝરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં બાપોદ પોલીસે તપાસ શરૂ કરી છે.